# Telephonic conversation between Prime Minister and His Excellency Mahinda Rajapaksa, Prime Minister of Sri Lanka

May 27, 2020

## વડાપ્રધાન અને શ્રીલંકાનાં વડાપ્રધાન મહામહિમ મહિન્દા રાજાપક્ષા વચ્ચે ટેલિફોન પર વાતચીત

મે 27, 2020

આજે વડાપ્રધાને શ્રીલંકાની સંસદમાં પ્રવેશ કર્યાનાં 50 વર્ષો પૂર્ણ કરવા પર અભિનંદન પાઠવવા શ્રીલંકાનાં વડાપ્રધાન મહામહિમ મહિન્દા રાજાપક્ષા સાથે વાત કરી હતી.

વડાપ્રધાને શ્રીલંકાનાં વિકાસમાં તેઓનાં લાંબી રાજકીય કારકિર્દીમાં મહામહિમ રાજાપક્ષાનાં યોગદાનો યાદ કર્યા હતા, અને તેઓને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

વડાપ્રધાને શ્રીલંકામાં ભારતીય મૂળનાં તમિલોનાં અગ્રિમ નેતા શ્રી અરુમુગન થોન્ડામાનનાં ગઈકાલે એકાએક અને અકાળ નિધન થવા પર દિલાસો પણ વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાને ભારત અને શ્રીલંકા વચ્ચે વિકાસાત્મક ભાગીદારી આગળ લઈ જવામાં શ્રી થોન્ડામાન દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાને યાદ કરી હતી.

નેતાઓએ પ્રવર્તમાન કોવિડ-19 મહામારીની આરોગ્ય અને અર્થતંત્ર પરની અસરો અને તેઓનો સામનો કરવા માટે બન્ને દેશોમાં લેવામાં આવી રહેલા પગલાઓ પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને મહામહિમ રાજાપક્ષાને ખાતરી અપાવી હતી કે આ પડકારજનક સમય દરમિયાન શ્રીલંકાને સંભવિત તમામ સહાયતા કરવા ભારત તત્પર છે.

**નવી દિલ્હી**
**મે 27, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.